# ટ્રેક નં. ૬૦ : પોતે પોતાનું કરવાનું છે તે વિષે

* માતા બાળકને રસોઈ બનાવી દે, પીરસી દે, બહુ તો કોળિયો મોઢામાં મૂકી દે. પછી શું? પચાવવાનું તો પોતાને જ છે ને? તેવી જ રીતે પૂજ્ય ગુરુદેવશ્રી અને પૂજ્ય બેનશ્રીએ આગમના રહસ્યો ખોલ્યા. હવે આપણે પચાવવાનું કેવી રીતે? એ વિષે સમજી પોતે જ અનુભવ કરીએ.

* માંગલિક :

* ભક્તિ : જ્ઞાયક દેવ તો જ્ઞાનથી પૂર્ણ છે.
ચૈતન્યદેવ તો ચેતનાનું પૂર છે.

સહજાનંદ રે, અખંડાનંદ રે, મારે રહેવું અખંડ આનંદમાં રે.

❀ બહેનશ્રી : જે બહારનું દેખાય એને પોતાનું માને છે. પોતાને ભૂલી ગયો છે. બાકી પોતાનો નાશ નથી થયો. પોતે પોતારૂપે સ્વયં એની જે પરિણતિ જે અનાદિ અનંત છે (એ) પારિણામિક ભાવે પરિણમી જ રહ્યો છે. પણ એની દૃષ્ટિ, ભ્રાન્તિમાં—પોતે ભ્રાંતિમાં પડ્યો છે એટલે જણાતો નથી. બાકી જેમ છે એમ અનાદિનો છે જ. અનાદિનો સ્વભાવ જે છે ઈ સ્વભાવનો નાશ નથી થયો અને પારિણામિકભાવ એવો છે કે જ્ઞાયક જ્ઞાયકરૂપે જ્ઞાન જ્ઞાનરૂપે પોતે ભગવાન આત્મા પોતે પોતાથી જણાઈ રહ્યો છે. પણ પોતે ભ્રાન્તિમાં પડેલો છે. એટલે ઈ એને જોતો નથી એટલે જણાતું નથી. પોતે જોતો જ નથી એટલે ક્યાંથી જણાય? દૃષ્ટિ બહાર છે. પરની શ્રદ્ધા કરે છે. પર તરફનું જ્ઞાન કરી રહ્યો છે. બધું પર તરફ કરી રહ્યો છે. શ્રદ્ધા-જ્ઞાન, આચરણ બધું બહારનું કરી રહ્યો છે. પર પદાર્થને પોતાનાં માની રહ્યો છે. વિભાવ પરિણતિ થાય એ બધી મારામાં થાય. ઈ બધી દૃષ્ટિ આખી એની દિશા પલટાઈ ગઈ છે. એ પોતે પોતાને જોતો નથી. પોતે છે છતાં જોતો નથી. એ ભ્રાન્તિમાં પડ્યો છે. દૃષ્ટિ બહાર છે એટલે જણાઈ શકતો નથી. પોતે હોવા છતાં પોતે પોતાને જોતો નથી.

એક આશ્ચર્યની વાત છે. દૃષ્ટિ આમ છે. ગુરુદેવ દૃષ્ટાંત દેતા કે આમ બહારથી ગણ્યા. એક માણસ બે, ત્રણ, ચાર અને પોતાની ગણતરી ભૂલી જાય. પોતે પોતારૂપે જ છે. પોતે પોતાને જણાઈ જાય પણ પોતે પોતાને જ ભૂલીને દૃષ્ટિ બહાર કરી છે. પોતે હોવા છતાં. ૧

* પ્રશ્ન : જેટલું બોલવામાં સહજ દેખાય છે એટલો સહજ આમ દેખાતો નથી. સ્વભાવ સહજ છે છતાં ?

● ઉત્તર : સ્વભાવ સહજ છે માટે બધું સહજ છે. અનાદિથી વિભાવમાં પડેલો છે એટલે સહજ દેખાતો નથી. એનું જ્ઞાન, આનંદ આદિ અસ્તિત્વ, વસ્તુત્વ બધાં ગુણો એના અનાદિ અનંત બધું સહજ છે. સહજ વસ્તુ પોતે સહજ. એને કોઈએ બનાવી નથી. આવો જે સ્વભાવ છે (તે) સહજ હોય છે. ઈ સ્વભાવની કાંઈ ઉત્પતિ કરવી પડે કે એવું નથી. ઈ તો સ્વભાવરૂપે જ છે. એને સ્વભાવને પોતા તરફ જવું, પોતાના સ્વભાવમાં જાવું ઈ સહજ છે. વિભાવ ઉલ્ટાનો આ પર પદાર્થને પોતાનું કરવું એ મુશ્કેલી છે. પોતે (પરને) પોતાનું કર્યા જ કરે છે પોતાનું...પોતાનું પણ (પર) પોતાનું થાતું જ નથી. ક્યાંથી થાય? જે પોતાનું નથી. જડ અને ચૈતન બેય જુદા છે. ઈ જુદા હોય એ એક થાય ક્યાંથી? જડ પોતાનું થાતું નથી. પણ ચેતનને પોતાને ગ્રહણ કરીને (પોતાને) પોતારૂપ થાવું હોય, તો ઈ સહજ છે. પોતાના સ્વભાવરૂપે પરિણમવું ઈ સહજ છે. શીતળ પાણી છે ઈ પાણીને શીતળતારૂપે પરિણમવું સહજ છે. પાણી અગ્નિના નિમિત્તે ગરમ થયું. પણ ગરમ થયું પછી એને શીતળ થાવું સહજ છે. કારણ કે એ અગ્નિથી છૂટું પડે એટલે એ શીતળ થઈ જ જાય છે. શીતળ થાવું સહજ છે. ઈ પાણીને ગરમ એમને એમ રાખ્યા કરવું, ઈ દુર્લભ છે અને શીતળ થાવું સહજ છે. અનાદિકાળ ગયો, અનંતકાળ ગયો તોય ઈ શરીરરૂપે થયો નથી. ઈ તો એ મુશ્કિલ છે. કારણ કે એ પર પદાર્થ છે એ એની સાથે રહ્યો તો (પણ) જડ રૂપે થયો નથી. એ થાવું મુશ્કેલ છે. એ આ આત્મા પોતા તરફ વળ્યો ઈ જો પોતે (પોતાને) ગ્રહણ

કર્યો તો ઈ થોડા જ કાળમાં સ્વાનુભૂતિને ગ્રહણ કરશે જો ગ્રહણ કરે તો સ્વાનુભૂતિને કેવળજ્ઞાન થોડા જ કાળમાં પ્રગટ થાય છે. કારણ પોતાનો સ્વભાવ છે એના માટે આ અનંતકાળ જોતો નથી. આને તો અનંતકાળ ગયો તોય પોતાનું થાતું નથી. ઓલું જો પોતાને ગ્રહણ કર્યો તો એને ગ્રહણ કર્યા પછી અનંતકાળ જાતો જ નથી. એ થોડા ભવમાં જ કેવળજ્ઞાનની પ્રાપ્તિ કરે છે. માટે પોતાને ગ્રહણ કરવો ને પોતાની પ્રાપ્તિ કરવી સહજ છે. ૨.

**✻ પ્રશ્ન : સહજ એ પોતાની કિંમત છે. પોતે પોતા તરફ વળે તો તરત જ થાય.**

● ઉત્તર : પોતા તરફ વળે તો પોતે પ્રગટ જ થાય. પોતાનું થાતું નથી. પોતાનું કરવા મથે છે તોય નથી થાતું અને ઓલું તો જો પોતાને ગ્રહણ કર્યો તો થોડા કાળમાં પોતારૂપ થઈ જાય છે. પોતા તરફ વળ્યો એ વળ્યો પછી. પછી એક વાર પોતા તરફ ગયો તો પછી એની સંધિએ પછી પેલાનાં જેવી એની એકત્વ પરિણતિ થાતી જ નથી. અમુક કાળ જાય તો પછી પોતા તરફ પ્રગટ થયા વગર રહેતું જ નથી એવું સહજ છે. એને લાગે મુશ્કેલ પહેલાં આ અભ્યાસ પર તરફનો વિભાવ તરફનો છે એટલે પોતા તરફ વળ્યો તો ઈ સહજ છે. ૩.

**✻ પ્રશ્ન : માતાજી એવું લાગે, એક સહજ (પ્રશ્ન અસ્પષ્ટ છે)**

● ઉત્તર : અનાદિનો અભ્યાસ છે, એટલે નથી એને ટકી શકતો નથી. પણ પોતે કારણ થોડું આપે ને કાર્ય ક્યાંથી આવે? કારણ ઝાઝું એને માટે જોઈએ. એની પ્રથમ ભૂમિકા વિકટ હોય છે. પછી સહજ છે અને સરળ છે. હમેશા પ્રથમ ભૂમિકા વિકટ છે કે પોતે બીજાના અભ્યાસમાં પડ્યો છે. વિભાવના અભ્યાસમાં, એમાંથી છૂટીને સ્વભાવમાં આવવું એને કઠણ લાગે છે. પણ એકેવાર આવ્યો, તો પછી સહજ છે. પછી તો પાણી પાણીને ખેંચે એટલે પોતાના પ્રવાહ તરફ ચાલ્યો જાય છે. એમ પોતે પોતાના સ્વભાવમાં

ચાલ્યો જાય છે. સહજ છે પણ પ્રથમ ભૂમિકા વિકટ છે એની. ૪.

* પ્રશ્ન : આપણે બધું કરવાનું છે જો આવો ઈ રાગદ્વેષનો કારણ છોડવાનું છે બાકી ...... (અસ્પષ્ટ)

● ઉત્તર : પણ એમાં બધું આવી ગયું. પણ એને છોડવાનું એ પુરુષાર્થ તો તારે કરવાનો છે. ૫

* પ્રશ્ન : માતાજી પુરુષાર્થ.....?

● ઉત્તર : (ગુરુદેવે) એકદમ સ્પષ્ટ કરીને બતાવી દીધું છે. બધાને દૃષ્ટિ તો આપી જ દીધી છે. પુરુષાર્થ કરવાનો બાકી છે. પુરુષાર્થ પોતાને ભેદજ્ઞાનની ધારા તો પોતાને જ કરવાની છે. ક્યાંય કોઈકની ભૂલ ન પડે એટલો સૂક્ષ્મ સૂક્ષ્મ કરીને બધો માર્ગ ઠેઠ સુધી બતાવી દીધો છે. શરીર જુદું વિભાવ સ્વભાવ તારો નથી, ઈ શુભભાવ પણ તારો સ્વભાવ નથી. ક્ષણિક પર્યાયોમાં તું અટકતો નહીં. તું તો શાશ્વતો છો. ગુણભેદના વિકલ્પમાં, તારામાં અનંતાગુણ છે. તારી સ્વભાવ પર્યાય એના ભેદમાંય તું અટકતો નહીં એ વિકલ્પના ભેદ એને જાણજે બધું, જ્ઞાન પણ થાય. દૃષ્ટિ તો એક અખંડ ઉપર સ્થાપજે. ગુરુદેવે તો બહુ સ્પષ્ટ કરીને બતાવ્યું. એક અખંડ ચૈતન્ય ઉપર દૃષ્ટિ સ્થાપી, વિભાવનું ભેદજ્ઞાન કરીને તું સ્વભાવમાં દૃષ્ટિ સ્થાપીને એની લીનતા કર. એનું ભેદજ્ઞાન કર. વારંવાર 'હું ચૈતન્ય છું. ચૈતન્ય છું. આ હું નથી. આ હું નથી'. અંતરમાંથી ક્ષણે ક્ષણે થાવું જોઈએ. એકવાર કરે ને છોડી દીધું એમ ન થાય. એની ભાવના કરે ને ભાવના કરે બરાબર ને એનું ક્ષણે ક્ષણે અંતરમાંથી સ્વભાવ ઓળખીને, જે વસ્તુ છે એનો સ્વભાવ ઓળખીને તદ્રૂપ પરિણતિ થાય, તે રૂપે થાય તો એનું ભેદજ્ઞાન ક્ષણે ક્ષણે કરતો કરતો તો એની કંઈ ભેદજ્ઞાનની ધારા, જ્ઞાતાધારાની ઉગ્રતા થાય તો, વિકલ્પ છૂટે ને સ્વાનુભૂતિ થાય. એ આ જીવન (એનું) વિભાવનું કેવું સહજ થઈ ગયું છે? સહજ વિકલ્પ, સહજ બધું. એમ સ્વભાવનું જીવન સહજ થાવું જોઈએ. 'હું જ્ઞાયક છું.

જ્ઞાયક છું' એવી સહજધારા અંતરમાંથી થાય તો થાય, એવી સહજ એવી શાંતિની સમાધિની ધારા એની સહજ થાવી જોઈએ. તો થાય. પુરુષાર્થ તો પોતાને જ કરવાનો રહે છે. પોતે જ છે. કાંઈ બીજો નથી. પોતાને જ કરવાનું રહે છે. ભેદજ્ઞાન ક્ષણે ક્ષણે ક્ષણે, હું ચૈતન છું. દરેક કાર્ય કરતાં ગમે તે વિકલ્પ આવે.

વિકલ્પ પણ હું નથી. ક્ષણે ક્ષણે વિકલ્પ પછી યાદ કરે કે 'હું જુદો'. જે વિકલ્પ આવે ઈ જ ક્ષણે જ એમ થાવું જોઈએ કે હું જ્ઞાયક. જે ક્ષણે વિકલ્પની હાજરી ઈ ક્ષણે જ્ઞાયકની હાજરી. જ્ઞાયકના અસ્તિત્વની હાજરી ઈ ક્ષણે પુરુષાર્થ. ઈ ક્ષણે પોતાની હાજરી હોય, એવી એની સહજ ધારા થાય તો ઈ આગળ જાય. એકત્વબુદ્ધિ થાય ને પછી આ યાદ કરે તો એ કંઈ નહીં. ક્ષણે ક્ષણે ઈ ક્ષણે એનું અસ્તિત્વ પોતાનું હાજર રાખે એવી અંતરથી ઉગ્રતા થાય તો આગળ જાય. ગુરુદેવે માર્ગ તો એકદમ સ્પષ્ટ કર્યો છે. એવો માર્ગ અપૂર્વ બતાવ્યો છે. સમજીને ઓળખવાના નિમિત્તો પણ જગતમાં તૈયાર હોય છે. પોતે તૈયાર થાય તો બધું તૈયાર જ છે. પોતાની તૈયારી નથી. પોતે તૈયાર થાય તો જગતમાં બધું તૈયાર છે. માર્ગ દેખાડનારા ગુરુ તૈયાર છે. બધું તૈયાર છે. અનાદિકાળથી જીવ ક્યાંક ક્યાંક ભ્રમમાં ને ભૂલમાં બીજાને ભ્રમથી આદરણીય માની રહ્યો છે. વિભાવને આદરણીય માની રહ્યો છે. જગતને નિઃસાર વસ્તુને આદરણીય માની રહ્યો છે. એમાં રોકાઈ રહ્યો છે. સારભૂત આત્મા જ્ઞાયક છે. એ આદરણીય છે. અને એને બતાવનારા દેવ ગુરુ શાસ્ત્ર છે. ઈ આદરણીય છે. જ્ઞાયકને બતાવી રહ્યા છે. તું જ્ઞાયક ભગવાન છો. તારું આ સ્વરૂપ છે. એને પ્રગટ કરીને તું આ બિરાજમાન થજે. એમ તારું સ્વરૂપ પણ એવું જ છે. તું પ્રગટ કર, તો અંતરમાં ઈ પ્રગટ થાય એમ છે. બહારમાં તો બધું નિઃસાર છે. ૬.

*** પ્રશ્ન : પહેલા મને મારું જીવન પરના આધારે છે એમ લાગતું હતું હવે મને મારું જીવન મારા આધારે છે એમ લાગે છે.**

● ઉત્તર : મારે જ આધારે છે. કોઈના આધારે નથી. પરથી હું નભું છું ને પરથી જ મારું જીવન છે. એ એને બદલે હું સ્વયં, મારું અસ્તિત્વ છે. હું સ્વયં જ્ઞાયક છું. હું સ્વયં એક પદાર્થ છું. કોઈ પદાર્થથી હું નથી કે કોઈ બહારના સાધનોથી કે બહાર કોઈ શરીરાદિ પદાર્થ કોઈથી નભું એવું આ તત્વ નથી. (એ) તત્વ સ્વયંથી સિદ્ધ છે. તત્વ પોતે પોતાથી નભી રહ્યું છે. એને કાંઈ પરપદાર્થના આશ્રયની જરૂર નથી. પોતે સ્વયંસિદ્ધ છે. પણ ઈ પોતે એકત્વબુદ્ધિ કરીને રોકાઈ રહ્યો છે. સ્વતઃસિદ્ધ તત્વ, એ તત્વ એને કહેવાય કે જેને પરના આશ્રયની જરૂર પડે નહીં. એનું નામ તત્વ. એનું નામ સ્વભાવ કહેવાય છે કે જે સ્વભાવને પરના આશ્રયથી સ્વભાવ પરિણમે કે પરના આશ્રયની જરૂર પડે, એનું નામ સ્વભાવ નથી. જે સ્વતઃ સિદ્ધ સ્વભાવ હોય ઈ સ્વયં પરિણમે અને એ સ્વભાવમાં મર્યાદા પણ ન હોય કે આ સ્વભાવ આટલો જ હોય કે આટલું જ જાણે એવું ન હોય. ઈ સ્વભાવ અમર્યાદિત હોય. એવી રીતે જ્ઞાન, એવી રીતે આનંદ એવી રીતે અનંતાગુણો. જે સ્વભાવ હોય એ સ્વભાવને મર્યાદા ન હોય. જે સ્વતઃ સિદ્ધ સ્વભાવ છે તે અનંત જ હોય એને મર્યાદા હોય નહિ કે એને આટલું જ હોય કે એને આટલું જ હોય એમ નથી. કે કોઈના આશ્રયથી પરિણમે કે કોઈ આશ્રય ન હોય તો ઈ એની પરિણતિ ઓછી થઈ જાય, એમ નથી. એ સ્વતઃ પરિણામી છે (તે) પોતે જ પોતાથી પરિણમે છે, સ્વભાવની કોઈ મર્યાદા હોય નહીં. પણ એણે બધું માની લીધું છે અજ્ઞાનતાથી. એનું નામ સ્વભાવ એનું નામ તત્વ કહેવાય, કે જે સ્વતઃ સિદ્ધ હોય અને જે અનંત હોય એવા પોતાના સ્વતઃ સિદ્ધ ભગવાનની એને મહિમા આવે તો ઈ પોતા તરફ જાય છે. બહારથી એને થાક લાગે, વિભાવ પરિણતિથી એને થાક લાગે, એને વિકલ્પની ઘટમાળથી થાક લાગે તો એ પોતાનો આશ્રય ગ્રહણ કરે છે ચૈતન્યનો. ઈ જો થાકતો નથી તો ઈ પોતાનો આશ્રય લેવો કઠણ પડે છે. એને જો થાક લાગે કે આ પરિણતિ તો કૃત્રિમ

છે, સહજ નથી, કે જે કષ્ટરૂપ છે એ દુઃખરૂપ છે તો પોતાનો જે સહજ સ્વભાવ છે એનો આશ્રય એને ગ્રહણ કરવાની અંદરથી જિજ્ઞાસા, એને ભાવના થયા વગર રહેતી નથી. ૭.

**✻ પ્રશ્ન : દ્રવ્યનો સ્વભાવ એને કહીએ કે જે પોતાથી જ હોય?**

● ઉત્તર : પોતાથી જ હોય, પોતાથી જ પરિણમે ને એની મર્યાદા ન હોય કોઈ જાતની. ૮.

**✻ પ્રશ્ન : પહેલાં પરપદાર્થ ને પરભાવમાં જે હોંશ હતી, એને સ્થાને એને એમાં થાક લાગે છે.**

બેનશ્રી : થાક લાગે, થાક છે, જેમ બહારથી કોઈ માણસ જેમ કંઈ બહુ શ્રમથી કંટાળી જેમ થાકી જાય શરીરથી, કોઈ વિભાવથી થાકી જાય છે, વિકલ્પથી થાકી જાય છે કે આ વિકલ્પની ઘટમાળ? કોઈ એવું તત્ત્વ હોવું જોઈએ કે જેમાં કોઈ વિકલ્પ નથી કે જે સહજ છે. જે સહજ પરિણમે છે એવા ચૈતનનો મને આશ્રય થાય. એ પોતે આશ્રય એને ગોતવા માટે, સ્વભાવ ગોતવા માટે પોતે પ્રયત્ન કરે છે. ૯.

**✻ પ્રશ્ન : આ બાજું હોંશ નથી ને બીજી (બાજુ) અંદરમાં એને હોંશ ?**

● ઉત્તર : અંદર હોંશ. ખેદ અને આકુળતા નથી. પોતાના સ્વભાવ તરફ ધ્યાન કરવાનો એને ઉત્સાહ અને ભાવના રહે છે. ઉત્સાહથી વિચારો કરવા હોય, પોતે ભગવાનને પ્રાર્થના કરે. ૧૦

**✻ પ્રશ્ન : (અસ્પષ્ટ)**

● ઉત્તર : આ જ્ઞાનસ્વભાવ છે એનો નિર્ણય કરીને પ્રતીત કરીને પછી મતિ ને શ્રુતનો ઉપયોગ જે બહાર જાય છે એને મર્યાદામાં લાવીને સ્વસન્મુખ કરે છે. પણ પહેલાં પ્રતીત આવે છે. જ્ઞાન સ્વભાવને પ્રતીત કરે છે. એનો આશ્રય કરીને જ્ઞાન સ્વભાવનો, પછી મતિશ્રુતનો જે ઉપયોગ બહાર જાય છે એની મર્યાદા. પ્રતીત પહેલાં કરવી જ્ઞાનસ્વભાવની. આ જ્ઞાનસ્વભાવ પછી મતિશ્રુતનો

ઉપયોગ આવે. ૧૧.

● ભક્તિ : આનંદ સરોવરમાં કેલિ રે કરવા

આનંદ સરોવરમાં કેલિ રે કરવા;
એ નિજાનંદ અમૃતના રસપાન કરવા (૨)..
એ સ્વાનુભૂતિના દીપ પ્રગટાવવા
તું ચાલને ચેતન દરબારમાં.....તું ચાલને ચેતન દરબારમાં...

* પ્રશ્ન : લક્ષ કરવા માટે બે રીત છે. એક પરપદાર્થ અને એક પોતાના સ્વભાવની કાર્ય કરવાની જવાબદારી અથવા કાર્ય કરવાનું બધું પોતાના હાથમાં છે.

● ઉત્તર : પોતાના હાથમાં છે, એ કાર્ય કઈ બાજુનું કરવું એ પોતાના હાથમાં છે એ પરાણે નિમિત્ત નથી કરાવતું. પર તરફ કરે તો ઈ ત્યાં રાગ થાય છે બીજા તરફનું અને પછી બંધન થાય છે. ગતિ કરવી, ક્યાં કરવી, પુરુષાર્થની ગતિ ક્યાં કરવી એ પોતાના હાથમાં છે. નિમિત્ત કાંઈ કરતું નથી. ૧૨.

* પ્રશ્ન : ઉંચે જતાં વિકારી....પોતે છે એમ લાગે છે. પર્યાયનું જાણપણું પણ પોતાનું છે.

● ઉત્તર : ઈ પોતાનું જ છે. પોતે દ્રવ્ય એક બાજુ રહી ગયો અને પર્યાય કરે છે એટલે પર્યાયનું વેદન પર્યાય કરે એટલે એનું વેદન કરનારો બીજો અને દ્રવ્ય શુદ્ધ રહી ગયું ઈ બીજું, એમ નહિ, એવું નથી. દ્રવ્ય શુદ્ધ છે તો પણ પર્યાયનું વેદન ઈ એકલું તો ઈ રાગનું, દ્વેષનું વેદન તો પોતાને થાય છે પાછું એમ મૂળ વસ્તુમાં નથી. જેમ સ્ફટિક સ્વભાવે ધોળું છે, એની સફેદાઈ એના અંતઃતત્ત્વની અંદર મૂળમાંથી ગઈ નથી પણ ઉપર એને જુઓ તો એ લાલાશ ને કાળાશ ને એ બધું ઉપર દેખાય છે. એમ દ્રવ્યના મૂળ અંતર્તત્વની અંદર શુદ્ધતા છે પણ એની ઉપરમાં બધી રાગદ્વેષની કાલિમા બધી જે છે એનું વેદન પાછું પોતાને છે. સ્ફટિક પોતે પરિણમે છે અને એવી રીતે પરિણમે છે. એની મૂળ શુદ્ધતા સ્ફટિકની નિર્મળતા છે ઈ છોડીને

પરિણમતું નથી. પરિણમે છે પોતે લાલ કાળું, પણ એને મૂળ જે છે ઈ એને છૂટતું નથી. એવી રીતે પરિણમે છે. એમ દ્રવ્ય પરિણમે છે. પણ ઉપાદાન પોતાનું પણ. એ ઉપરથી પરિણમે છે રાગદ્વેષ રૂપે, મૂળ જે શુદ્ધતા છે એ જાતી નથી. ને લાલ કાળું ને ઈ થવામાં નિમિત્ત બહારનું હોય છે ને ક્યાંય ફૂલને એ બધાનું નિમિત્ત, પણ એ નિમિત્ત પાછું એને કાંઈ કરતું નથી. એનામાં સ્વયં એવી જાતનું પરિણમન આવ્યું, પ્રતિભાસ એવો થાય છે. ઈ પરિણમે છે સ્ફટિક પોતે, પણ એ લાલ ને કાળા ફૂલ હોય નહિ તો ઈ એમ નથી. એમાં પાછું નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે. એમ આત્મામાં એ નિમિત્ત છે. નિમિત્ત કાંઈ કરતું નથી. પરિણમે છે પોતે, પણ મૂળ એના દ્રવ્યમાંથી. મૂળ શુદ્ધતા છોડીને નથી પરિણમતું. પણ પાછું નિમિત્ત છે ખરું. નિમિત્ત કાંઈ કરતું નથી. એટલે નિમિત્ત કાંઈ છે જ નહિ એવું નથી. જેમ સ્ફટિકમાં આપણે એમ કહીએ કે નિમિત્ત કાંઈ કરતું નથી તો નિમિત્ત બિન પ્રયોજન છે. બિન પ્રયોજન નથી. ઈ નિમિત્ત ન હોય તો સ્ફટિક સફેદ જ હોય પાછું એવું છે? સંબંધ અલગ, એને એક ક્ષેત્રાવગાહી જે કર્મબંધન છે એનું નિમિત્ત એમ એનામાં જે પરિણતિ થાય, વિભાવની એમાં નિમિત્ત છે. પણ કરતું કાંઈ નથી પાછું. પરિણમે છે પોતે. એ એક અચિંત્ય સ્વભાવ છે એ જાતનો. અચિંત્ય છે ઈ. એ સ્ફટિકના દૃષ્ટાંતમાં જુઓ તો અચિંત્ય લાગે. ઓલું (નિમિત્ત) બહાર છે પણ કાંઈ કરતું તો નથી. તો ય પરિણતિ સ્ફટિકની લાલ ને લીલા ને એવા રૂપે થાય છે. એ કાંઈ એને પરિણમન કર એમ કહેતું નથી. એની મેળાએ સ્ફટિક પરિણમે. પાછી એ દૂર હોય તો એ એમાં એવી પરિણતિ હોતી નથી, એવું છે. એમાં તો સ્વયં દૂર ને નજદીક કરાતો પોતાનો પુરુષાર્થ. અશુદ્ધતાએ પોતે પરિણમે એટલે એકક્ષેત્રાવગાહી કર્મ બંધાય છે, અને કોઈ લેવા નથી જાતું. સ્વયં બંધાય છે પોતે જો શુદ્ધરૂપે પરિણમે, મૂળ દ્રવ્યમાં શુદ્ધ છે એવું પોતે પરિણમે તો એને નિમિત્ત કાંઈ પરાણે પરિણમાવતું નથી. છૂટી જાય છે. એ એનો સ્વભાવ અચિંત્ય છે. દ્રવ્યનો જે વચલો

જે છે એની પરિણતિ થવાનો ઈ સ્વભાવ અચિંત્ય છે. કાં કોઈ નિમિત્ત ઉપર વહ્યો જાય ને કોક ઉપાદાન ઉપર. એટલે કે નિમિત્ત નથી. કાં કહે નિમિત્ત છે તો નિમિત્ત કરે છે એમ, એમ વચલામાં જે ત્રીજું છે એની પરિણતિ કોઈ અચિંત્ય છે. એટલે અંદર સરખું બેસે, ગોઠવાઈ જાય તો સરખું સમજાય. ૧૩.

❀ બહેનશ્રી : સુલભ જ છે કરવાનું તો પોતાને છે પોતે કરતું નથી એટલે દુર્લભ થઈ પડ્યું છે. પોતે પુરુષાર્થ નથી કરતો. પોતાની સમીપ જ છે. કાંઈ દૂર નથી. આત્મા પોતે જ છે અને પોતામાંથી જ પ્રગટ થવાનું છે. કંઈ બહાર લેવા જવું પડતું નથી કે બહારથી આવે થાય તો થાય, બહારની કાંઈ વાટ જોવી પડે, એવું તો નથી. પોતાની પાસે અને પોતાના સ્વભાવમાં જ પડેલો છે. એના ઉપર દૃષ્ટિ કરે, એની શ્રદ્ધા, જ્ઞાન કરે તો એમાંથી જ પ્રગટ થાય એમ છે. પણ કરતો નથી પોતે. પુરુષાર્થ નથી કરતો. પોતાનો વિભાવ ને એકત્વબુદ્ધિ તોડીને પોતે પોતામાં જાય. જ્ઞાયકતાને પોતે અંદરમાંથી ગ્રહણ કરે અને તે રૂપે પરિણમન કરે તો પોતે જ છે. પોતામાંથી પ્રગટ થાય એમ છે. દ્રવ્ય તો અનાદિ અનંત શક્તિમાં બધું છે પણ પ્રગટ પોતે કરવાનું છે. વારંવાર પોતે એનો જ પ્રયાસ, એનું જ મનન એ કર્યા કરે તો છાશને ઝેરતા એને માખણને વલોવતા ઓલા માખણ ઊપર આવે એમ. પોતે વારંવાર ભેદજ્ઞાનનો અભ્યાસ કર્યા કરે, તો નિરાળો થયા વગર રહે નહીં, પણ પોતે કરતો નથી. ઈ ન થાય ત્યાં સુધી એની મહિમા, એના વિચાર, એનું મનન બધું ઈ કર્યા કરે. અંતરમાં ઉગ્રતા કર્યા વગર થાય નહીં, અનાદિનો અભ્યાસ બહારમાં એકત્વ બુદ્ધિને એવી દૃઢ કરી છે એ એને તોડીને અંતરમાં જવું એને માટે પોતે ઉગ્રતા કરે. વારંવાર અભ્યાસ કરીને પણ ઉગ્રતા કરે અને કોઈ કરે તો અંતર્મુહૂર્તમાં ઉગ્રતા કરે છે. અને કોઈ કરે તો અભ્યાસ કરતા કરતા એને પણ ઉગ્રતા તો પોતાને જ કરવાની છે. આનંદનો સાગર પોતે જ છે. ૧૪.

● બહેનશ્રી : પોતે જ કરવું પડે, પોતાને માન્યતાઓ જે છે. એ માન્યતાઓ ખોટી છે ને સાચું બીજું છે. એની સામે પોતે જ પોતાની માન્યતાને તોડીને અંતરમાં પોતે પોતાનો પલટો કરવાનો છે. બહારથી સંપ્રદાયનો ફેરફાર, ગુરુદેવે તો સાચો માર્ગ પ્રગટાવીને સમ્પ્રદાયને ફેરફારો કરીને પોતે માર્ગ પ્રકાશ્યો. ગુરુદેવે કીધું એમ બહારથી વાડાના બંધન તોડે, અંતરનો વિકલ્પ ને એકત્વબુદ્ધિનો બંધન પોતે ને પોતે ઊભા કર્યા, એ તોડવા એ પોતાની હાથની વાત છે. ઈ પોતે કરવાનું છે. ૧૫.

● બહેનશ્રી : ભવસ્થિતિ હશે તો થાશે એમ નહીં. આત્માર્થીને એવો અભિપ્રાય હોતો નથી. હું કરું તો થાય. મારાથી પુરુષાર્થની ખામી છે. ગુરુદેવે માર્ગ બતાવ્યો. એ અંતરમાં કરવાનું તો પોતાને જ રહે છે. ૧૬.

✻ પ્રશ્ન : ઉગ્રતા અંદરમાં જ કરવાનું છે ? કોઈ એનો બહાર ન દેખાય?

● ઉત્તર : બહાર કાંઈ ન દેખાય, અંદરથી એને રસ વિભાવનો ઓછો થઈ જાય અને અંતરમાંથી મહિમા ચૈતન્યની આવે. બહારની જે મહિમા લાગે એ અંદર પોતાની પરિણતિમાં ફેરફાર કરે. ઈ કાંઈ બહાર એ કાંઈ ન દેખાય. અંતરની દુનિયા આખી જુદી છે, અંતરમાં જાય, વિકલ્પ તૂટી જાય અને ચૈતન્ય ગ્રહણ થાય અને સ્વાનુભૂતિ થાય. એની દુનિયા જુદી થઈ જાય એને એનો આત્મા જ કહે કે બસ ! આ જ આત્મા ને આ જ સ્વાનુભૂતિ ને આ જ સ્વભાવનો આનંદ—એનો આત્મા જ અંદરથી કહે, એનો આત્મા જ જવાબ દે. આ જ મુક્તિનો માર્ગ ને આ જ સ્વાનુભૂતિ અને આ જ સ્વભાવનો આનંદ, બધું આ જ છે. છતાં એને માર્ગ હાથમાં આવી ગયો. એક અંશ ને પૂર્ણતા સુધીનો માર્ગ એના હાથમાં આવી ગયો છે. ૧૭.

✻ પ્રશ્ન : સ્વાનુભૂતિ પહેલાં સ્વદ્રવ્યનો આવો પુરુષાર્થ આવી શકે. આત્મા પોતાના દર્શન-જ્ઞાનના આશ્રય કરી પુરુષાર્થ કરી શકે છે. પોતાના...... ?

● ઉત્તર : પરમાં પોતે નથી કરી શકતો. પોતાનો પુરુષાર્થ પોતે કરી શકે છે. પોતાના પુરુષાર્થ પોતે કરે છે. એમાં સહજપણે દર્શન, જ્ઞાન, ચારિત્રની પર્યાયો પ્રગટે છે પોતે દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરીને, એ આત્માર્થીને જ તો દ્રવ્ય ઉપર જ દૃષ્ટિ હોય છે. કોઈ કહે કે પુરુષાર્થ થવાનો છે એને ઈ એને થાવાનો હશે તો થશે, એને પુરુષાર્થ થવાનો જ નથી. એવી દૃષ્ટિ, એવી ભાવના હોય એને. પુરુષાર્થ કરનારાને પુરુષાર્થ ઉપર દૃષ્ટિ હોય છે કે હું પુરુષાર્થ કરું. હું દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરું એની એમની ભાવના હોય છે. એમાં જ ક્રમબદ્ધ હોય છે. એમાં જ સહજ પર્યાયો પ્રગટે છે. જેને પુરુષાર્થ અને સહજ બેયને સંબંધ હોય છે. એકલું સહજ એમ થાતું નથી. પુરુષાર્થ સાથે સહજ જોડાયેલો હોય છે. ૧૮.

✻ પ્રશ્ન : પોતાના દ્રવ્ય ઉપરનો પુરુષાર્થ કેવી રીતે ?

● ઉત્તર : પોતાનાં દ્રવ્યના પુરુષાર્થ પોતાએ-પરિણતિ પર તરફ જે છે, રાગ-દ્વેષનું સ્વામિત્વ માન્યું છે. પોતે 'સંકલ્પ ને વિભાવ તે 'હું', ને વિભાવ તે મારો સ્વભાવ 'એમ માન્યું છે. દ્રવ્યને પોતે ઓળખતો જ નથી. માટે દ્રવ્યને ઓળખે, 'હું જ્ઞાયક છું.' આ વિભાવ મારો સ્વભાવ નથી. એમ પોતે પોતાના દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરે. પોતાના દ્રવ્યને ઓળખે. દ્રવ્યને ક્યાં ઓળખ્યું છે અનાદિનું ? માટે દ્રવ્ય તરફ એની દૃષ્ટિ ફેરવવાની છે. 'આ ચૈતન તે હું છું. ને આ વિભાવ તે હું નથી, આ ચૈતન. શુદ્ધાત્મા નિર્વિકલ્પ તત્વ તે હું છું'. એવી એની દૃઢ પ્રતીતિ, એના ઉપર દૃઢ દૃષ્ટિ એને સ્થાપી દે છે. આખી પરિણતિ પલટાઈ જાય. દૃષ્ટિ એટલે માત્ર જોવાની દૃષ્ટિ એમ નથી. આખી જ્ઞાયકની પરિણતિ એની પલટી જાય છે. એની ભેદજ્ઞાનની ધારા થઈ જાય છે. દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવાથી એની આખી ભેદજ્ઞાન ધારા થઈ

જાય છે. આખી જ્ઞાયકની પરિણતિ પ્રગટ થઈ જાય છે દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવાથી. એની દૃષ્ટિ અને જ્ઞાન બેય સાથે. અંશે લીનતા થાય. એની જ્ઞાયકની ધારા આખી જ્ઞાતાની ધારા પ્રગટ થઈ જાય છે. દ્રવ્ય પર દૃષ્ટિ. અનાદિની દ્રવ્ય પર દૃષ્ટિ જ ક્યાં કરી છે ? ભેદજ્ઞાનની ધારા પ્રગટ થાય એમાં એને સ્વાનુભૂતિ થાય દ્રવ્ય ઉપર દૃષ્ટિ કરવાથી. એને પુરુષાર્થ સાથે સંબંધ છે. પોતે દ્રવ્ય જ છે એમાં શું દૃષ્ટિ કરવી ? દ્રવ્યને ઓળખ્યો છે ક્યાં ? અનાદિથી દ્રવ્યને ઓળખ્યું જ નથી. દૃષ્ટિ તો પર તરફ જ છે. ૧૯.

✻ પ્રશ્ન : સમજાવો છો ત્યારે બહુ સરળ લાગે છે. જાણે કે બધું સમજાઈ ગયું છે. ખ્યાલ પણ આવે છે. જ્યારે પ્રયોગમાં મૂકવાનો પ્રયત્ન કે પુરુષાર્થ કરીએ ત્યારે એમ લાગે છે કે દિવસ જતા જાય છે અને કાંઈ થતું નથી.

● ઉત્તર : પોતાના, પોતાના પુરુષાર્થને કારણે, પોતાના મંદતાના કારણે, આગળ નથી જઈ શકતો એટલે એમ લાગે છે. પુરુષાર્થ કરે એને ક્ષણમાં થાય છે. ન કરે તો એને અમુક ટાઈમ લાગે છે. પણ ભાવના, જિજ્ઞાસા એ તો એને કરવા જેવી છે. એને એ રસ્તે જાવા જેવું છે. છોડવા જેવું નથી. એમાં થાકવા જેવું નથી, કે નથી પ્રાપ્ત થાતું માટે એને માટે થાક લગાડવા જેવું નથી. એમને એમ કર્યા જ કરવાનું છે. લગની, જિજ્ઞાસા, વિચાર, વાંચન, બધું. સ્વભાવ તો છૂટ્ટો જ છે, પણ એને પરિણતિમાં પ્રગટ કરવો ઈ અનાદિનું એને દુર્લભ થઈ પડ્યું છે કારણ કે અનાદિનો પ્રવાહ એને બધો બહારનો થઈ ગયો છે. અંતરદૃષ્ટિ કરવી, અંતરમાં જાવું એને દુર્લભ થઈ પડ્યું છે. કારણ કે બધો પ્રવાહ અનાદિનો બહારમાં જ રહ્યો છે. જે એને વારંવાર પ્રયાસ કરીને પોતા તરફ લાવે તો થાય. એને કર્યા જ કરે તો થાય. ૨૦.

● બહેનશ્રી : 'અલ્પ ભવસ્થિતિ જાગી સોહી જિન પ્રતિમા પ્રમાણે જિનસારખી' જિન પ્રતિમાને જેને અલ્પ ભવ છે એ ભાવની

વાત છે ઈ ભાવ, જે ભગવાનને ઓળખે, એ પોતાને ઓળખે છે. પોતાને ઓળખે, એ ભગવાનને ઓળખે. એવું નિમિત્ત ઉપાદાનનો સંબંધ છે. ૨૧.

**✻ પ્રશ્ન : ભગવાનને ઓળખે તો પોતાને ઓળખે તો થાય.**

● ઉત્તર : જોરદાર નિમિત્ત ને ઉપાદાન તૈયાર થાય, એને ભવનો અભાવ થયા વગર રહેતો નથી. દેશનાલબ્ધિ થાય ત્યારે એને ભગવાનની વાણી, કાં ગુરુની વાણી મળે. ત્યારે અંદર લીન હોય. ભલે પોતે સ્વતંત્ર હોવા છતાં એવું નિમિત્ત ઉપાદાનનો એવો નિમિત્ત નૈમિત્તિક સંબંધ છે. એવું નિમિત્ત હોય ઉપાદાન તૈયાર થાય છે.૨૨

● પોતે હું ચૈતન તે જ હું છું. બહારમાં ઈષ્ટ-અનિષ્ટ જાણે કાંઈ છે જ નહિ. એવી પ્રતીત દૃઢ. જ્ઞાયકને ગ્રહણ કરી લીધો, જ્ઞાયકની પરિણતિ પ્રગટ થઈ ગઈ પ્રતીતમાંથી છૂટી ગયું છે એને ભેદજ્ઞાનની ધારા વર્તે છે. અસ્થિરતામાં અલ્પ વિભાવ છે, પણ એ બહારથી કાંઈ બહારની વસ્તુ ઈષ્ટ છે. બહારની વસ્તુ અનિષ્ટ એવું નથી એને એ અંદર વિભાવ પરિણતિ પોતાની છે. પુરુષાર્થની મંદતાએ થાય છે. ઈ એમાં જે થાય, વિભાવ થાય, એ વિભાવની પરિણતિને લઈને હું આમાં મંદતાને લઈને રોકાઉં, બાકી બહારમાં ઈષ્ટ અનિષ્ટતા કાંઈ છે જ નહિ, ચોથે ગુણસ્થાને. શ્રદ્ધા અપેક્ષા એણે કર્યું છે. અસ્થિરતામાં છે. ૨૩.

**✻ પ્રશ્ન : બહારની દૃષ્ટિએ જુઓ તો જાણે વધારે તન્મય દેખાય.**

● ઉત્તર : દેખાય પણ એને પ્રતીતમાં નથી. અંતરમાંથી તો છૂટી ગયો છે. એકત્વબુદ્ધિ નથી. તન્મયતા નથી, ને હું જ્ઞાયક છું. મને કોઈ કાંઈ કરી શકતું નથી. બહારની વસ્તુ કે કોઈ મારું કાંઈ બગાડતું નથી. ને કોઈ સુધારતું નથી. મારી પુરુષાર્થની મંદતાએ એ રાગ ને દ્વેષ એમાં જોડાઉં એ મારી પોતાની ભૂલની લઈને હું રખડ્યો ને હું પોતાને લઈને પુરુષાર્થની મંદતાએ આમાં જોડાઉ છું. બાકી

મારું ઈષ્ટ-અનિષ્ટ કોઈ નથી. હું પોતે જ ઈષ્ટ, હું પોતે જ છું. મારા ચૈતન્યમાં કોઈ પ્રવેશ કરી શકતું નથી. મારું કોઈ બગાડી સુધારી શકતું નથી. હું પોતે જ જ્ઞાયક સ્વતઃ સિદ્ધ અનાદિ અનંત છું એમાં કોઈનો પ્રવેશ નથી. વ્યવહારમાં એ દેખાય અસ્થિરતાને લઈને, કાંઈ ભાષા બોલે તો એને અંતરમાં એકત્વબુદ્ધિ કે એવી શ્રદ્ધાની પરિણતિ નથી. અલ્પ અસ્થિરતા છે. ૨૪.

*** પ્રશ્ન : પોતાના પરિણામ બીજા પકડી શકે?**

● ઉત્તર : પોતે જ સમજે પોતાની પરિણતિ. એને પરિચયવાળા હોય એ પકડી શકે. એને એવી દૃષ્ટિ જોવાની હોય તો, એનું અંતર જોઈ શકે, એવી દૃષ્ટિ જેને હોય એ જોઈ શકે. સાચો આત્માર્થી કોઈ મુમુક્ષુ હોય તો જોઈ શકે. એના પરિચયથી. એવી જોવાની શક્તિ જેને હોય એ જોઈ શકે. બાકી એના કાર્ય ઉપરથી દેખાય નહિ. ને અંતરની અભિપ્રાયમાં પરિણતિ, એકત્વબુદ્ધિ નથી. એ ઊંડાણમાં નથી. આત્મા એનો ઉર્ધ્વ ને ઉર્ધ્વ એમાં એકત્વ થાતો જ નથી. બહારના સંયોગો બધા પુણ્યપાપના ઉદય હોય છે. કોઈનાં કરવાથી કાંઈ થાતું નથી. ૨૫.

*** પ્રશ્ન : જ્યારે દૃષ્ટિ થવાની હોય ને ત્યારે સમ્યગ્દર્શન થાય.**

● ઉત્તર : એ વાત સાચી છે. મિથ્યાત્વ જાય તો સમ્યક્દર્શન થાય અંદર પુરુષાર્થ કરે તો ઈ સંભવ છે. એની દૃષ્ટિ મિથ્યા છે. એટલે એને એમ લાગે છે કે કોઈએ મારું બગાડ્યું. કોઈએ અમારું સુધાર્યું. કોઈ બિગાડતા હૈ ઐસી દૃષ્ટિ મિથ્યાદૃષ્ટિકી હોતી હૈ. સમ્યગ્દૃષ્ટિકો એસી દૃષ્ટિ નહીં હોતી. ૨૬.

પ્રશમમૂર્તિ ભગવતી માતનો જય હો.